"એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત અને

# સુરત મહાનગરપાલિકા

**સંચાલિત**

## વકતૃત્વ સ્પર્ધાનું પ્રવેશપત્ર અને નિયમો

(૧૮ વર્ષથી ઉપર)

૧. સ્પર્ધકનું નામ :–

૨. સ્પર્ધકનું સરનામું :–
(ફોન નંબર મોબાઈલ નંબર સહિત)

૩. જન્મ તારીખ તથા ઉંમર :–
(જન્મનો પુરાવો આપવો)

વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો મે વાંચ્યા છે અને તે મને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

તા.    /    /૨૦૧૯.

............................................
સ્પર્ધકની સહી

.............................................................................................................................

નિયમો :–

૫મી જુન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત વકતૃત્વ સ્પર્ધા તા.૦૫/૦૬/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવનાર છે.

(૧) આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ ૧૮ વર્ષથી વધુ વયગૃપના ભાગ લઈ શકશે.
(૨) વકતવ્ય ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષામાં રજુ કરી શકાશે.
(૩) વકતવ્ય રજુઆત માટે સ્પર્ધકને ૫ મીનીટનો સમય આપવામાં આવશે.
(૪) સ્પર્ધકોને સ્પર્ધાના સમયના ૩૦ મિનિટ પહેલા સ્પર્ધા સ્થળ પર વિષય આપવામાં આવશે. જેના પર વકતવ્ય રજુ કરવાનું રહેશે.
(૫) ઉંમરના પુરાવા તરીકે સુરત મહાનગરપાલિકાનો જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટી. અથવા બોનાફાઈડ સર્ટી. પૈકી કોઈ એકની ઝેરોક્ષકોપી પ્રવેશફોર્મ સાથે મુકવાના રહેશે.
(૬) સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિ.
(૭) સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધ :** આ સ્પર્ધા ૧૮ વર્ષથી ઉપરના વયગૃપ માટે રહેશે. ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતે **તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધાના તારીખ, સમય તથા અન્ય જાણકારી માટે સાંસ્કૃતિક વિભાગ(ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 279)નો સંપર્ક સાધવા વિનંતી. આ સ્પર્ધા તા.૦૫/૦૬/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે યોજાશે. સ્પર્ધકે સવારે ૭.૩૦ કલાકે હાજર થવાનું રહેશે.

## :: પ્રેસનોટ ::

### ''૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે તા.૦૫/૦૬/૨૦૧૯ના રોજ યોજાનાર વકતૃત્વ સ્પર્ધા

૫મી જુન ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત તા.૦૫/૦૬/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધાના પ્રવેશફોર્મ તથા નિયમો અંગેની માહિતી મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો તા.૦૧/૦૬/૨૦૧૯ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતે પરત કરવાના રહેશે.

સમાચારયાદી નં.૪૦, તા.૦૧/૦૫/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.